2014-2015

# PROSPECTUS

SUCCESS



## શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ



**Pri. Dr. J. M. Naik**
M.Com., LL.B., M.Phil., Ph.D.

# Vision and Mission of the College

### VISION :

To provide opportunities of High Education in Commerce stream to the youth of surrounding areas without any distinction of caste, creed, religion, Community or Class.

To endow them with knowledge and skill which will enable them to meet the challenges of the modern world and make them economically selfreliant.

To impart value based education to the students, to make them aware of their own potentialities and to develop the quality of entrepreneurship in them as propounded in our emblem "साहसे श्रीः प्रतिवसति" which means "Prosperity lies in enterprise."

### MISSION :

To encourange qualities of leadership, self confidence and patriotism in them and to inculcate the sense of social obligations so as to make them good citizens and honest and truthful Indians.
To provide guidance and help to the students in their over all development through academic as well as co-curricular and extracurricular activites since "Every student is special" for Shah N. H. Commerce College.

**Best Boy & Girls Awards for Excellent Activity in curricular and co-curricular activities. Sponsored By: Sant Buddhadevji Maharaj**



T. Y. B. Com.
Miss Namrata Shah

**ACADEMIC YEAR 2010-2011**



M.Com. Part-II
Mr. Maunik Parmar



T. Y. B. Com.
Mr. Hitesh Bhoya

**ACADEMIC YEAR 2011-2012**



M.Com. Part-II
Miss Yamini Tandel



T. Y. B. Com.
Mr. Rajeev Valvi

**ACADEMIC YEAR 2012-2013**



T. Y. B. Com.
Miss. Siddika Qureshi



M.Com.
Miss. Shivani Aacharya

**ACADEMIC YEAR 2013-2014**



M.Com.
Mr. Raman Dadhav

**એપ્રિલ 2013 ની યુનિવર્સિટી પરીક્ષામાં કોલેજમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારા તેજસ્વી તારલાઓ...**



79.29% F.Y.B.Com. Miss.Kalyani Ashok

S.Y.B.Com. Miss.Humera Shaikh 76.14%





72.00% T.Y.B.Com. Miss.Shivani Acharaya

M.Com. Miss. Jaya Pardeshi 72.83%



# આચાર્યશ્રીનો ભાવભીનો આવકાર

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ના નૂતન વર્ષે આપણા દેશના અને આ કોલેજના મહત્વાકાંક્ષી યુવાનોને, આપણા દેશની માનવ રાષ્ટ્રિય સંપત્તિ એવા નવયુવાનોને, આવતીકાલના રાષ્ટ્રનું ભાવિ ઘડનાર યુવાનોને, રાષ્ટ્રના અને આ કોલેજના મોંઘામૂલા રત્નોને હૃદયપૂર્વક આવકાર આપતાં આનંદ અને ગૌરવની લાગની અનુભવું છું. કવિ મેઘાણીના શબ્દોમાં,

"ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ."

યુવાનની વ્યાખ્યા મારી અલગ છે. હું 18 થી 35 વર્ષની ઉંમર ધરાવનારને ફક્ત ઉંમરને કારણે એમને યુવાન તરીકે ઓળખતો નથી. પરંતુ જેનામાં અજબગજબનો તરવરાટ અને તલસાટ હોય, ખુમારી અને ખંત હોય, ઉમંગ અને ઉત્સાહ હોય, આશાઓ અને અરમાનો હોય, જુસ્સો અને અન્યાય સામે લડવા માટે ગુસ્સો પણ હોય, સોનેરી સ્વપ્નો અને દૃઢ સંકલ્પો હોય, તાકાત અને તેજસ્વિતા હોય એમને યુવાન તરીકે ઓળખું છું.

આજની યુવાપેઢી દિશાશૂન્ય થઈ રહી છે એવો આક્ષેપ છે. પરંતુ હું આ વાત સાથે સંમત થતો નથી. એમને બાહોશ, પ્રેમાળ, અનુભવી અને કુશળ વડીલો તરફથી, આચાર્ય અને અધ્યાપકો તરફથી યોગ્ય સાચી દિશાનું માર્ગદર્શન મળે તો આ જ યુવાનો રચનાત્મક, સમાજ ઉપયોગી અને રાષ્ટ્ર ઉપયોગી એવી લોકહિતના કાર્યો કરવા સક્ષમ પણ છે.

એકવીસમી સદીના આ બીજા દશકામાં તમારે ઈન્ટરનેટ, મોબાઈલ, ટીવી, કમ્પ્યૂટર જેવા આધુનિક ગેઝેટસના ઉપયોગ થકી વૈશ્વિક હરીફાઈ માટે તૈયાર થવાનું છે. આજે શૈક્ષણિક ટેકનોલોજીએ વિશ્વના ખૂણેખૂણે પગપેસારો કરીને પોતાનું મહત્ત્વ અને જરૂરિયાત સાબિત કરી દીધા છે ત્યારે કોલેજ અને આ કોલેજના વર્ગખંડો એમાંથી કઈ રીતે બાકાત રહી શકે. પ્રતિષ્ઠિત કોલેજમાં તમો પ્રવેશ મેળવો છો ત્યારે અહીં તમને શિસ્ત (અનુશાસન) અને સમયપાલન (ટાઈપ મેનેજમેન્ટ) ના પાઠો ખાસ શીખવવામાં આવે છે. કારણ મારું દૃઢપણે માનવું છે કે કોઈપણ વ્યક્તિ, સમાજ, સંસ્થા રાજ્ય કે રાષ્ટ્ર શિસ્ત અને સમયપાલન દ્વારા જ ઝડપી વિકાસ સાધી શકે. આ કોલેજમાં તમને પ્રોત્સાહન, યોગ્ય સહકાર અને પ્રેરણાના શબ્દો સતત મળતા રહેશે.

વિદ્યાર્થી મિત્રોને મારું એક નમ્ર સૂચન છે કે તમારા ફુરસદના કીંમતી સમયગાળામાં વધુ પડતા (અતિરેકભર્યા) ટીવી કે મોબાઈલ જેવા ઉપકરણોથી દૂર રહીને સમયનો સદ્ઉપયોગ કરશો, લાયબ્રેરીમાં બેસીને શ્રેષ્ઠ પુસ્તકોનું વાંચન કરશો તથા ફ્રી ટાઈમમાં આપની અભિરૂચી મુજબ કૌશલ્યો (Skills) વિકસે તેવી પ્રવૃત્તિઓમાં જોડાશો તો મને ખૂબ આનંદ થશે કારણ કે યુવાનીના એટલે કે કોલેજકાળના આ મહત્ત્વના ત્રણ કે પાંચ વર્ષના સમયને સાચવીને ભવિષ્યની શ્રેષ્ઠ કારકિર્દીનો પાયો અહીં જ નંખાઈ જશે.

એકવીસમી સદીનું શિક્ષણ હેન્ડ, હાર્ટ અને હેડના સમન્વયવાળું છે. આ શિક્ષણ માત્ર રોજગારલક્ષી હોય તે ચાલશે નહીં શિક્ષણ જીવનલક્ષી બને તે માટેના ભરપૂર પ્રયત્નો અહીં આ કોલેજમાં કરવામાં આવે છે.

અમારું કામ આપ સૌને કોલેજમાં ફક્ત ભણાવવાનું નહીં પરંતુ કેળવવાનું છે. વિદ્યાર્થીઓમાં સુટેવોનું ઘડતર અને સંસ્કારોનું સિંચન થાય તે માટે આચાર્ય અને અધ્યાપકોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. વિદ્યાર્થીઓને વાંચતા કરીને વિચાર કરતા કરવાનું તથા હકારાત્મક દૃષ્ટિકોણ અને સર્જનાત્મક શક્તિનો વિકાસ કરવાનું કામ અમારું છે. કોલેજ કે પબ્લીક લાઈબ્રેરીમાં ઉત્તમ પુસ્તકોના વાંચન થકી, કોલેજ કાળ દરમ્યાન સારા અને સાચા મિત્રોની સોબતથી તથા કોલેજના તંદુરસ્ત શૈક્ષણિક વાતાવરણથી તમારી કારકિર્દી ઉજ્જવળ બની શકે છે એનો ખ્યાલ રાખજો. પ્રેરણાદાયી પુસ્તકો, મહાનપુરુષોના જીવનચરિત્રો, મૂલ્યલક્ષી વાર્તાઓ તથા શિષ્ટ પુસ્તકોના વાચન થકી તમારામાં આવી રહેલા પરિવર્તનોને તમે જાતે જ નોંધી શકશો. સાચી કેળવણીની પ્રક્રિયા થકી તમે ઘડાઈને ભારતના શ્રેષ્ઠ નાગરિક, આદર્શ યુવાન અને સારા માણસ બનો તે માટે અમો નમ્ર પ્રયત્ન કરીએ છીએ. આ કોલેજમાં અભ્યાસની સાથે સાથે મૂલ્યલક્ષી શિક્ષણ અને જીવન કૌશલ્યોની કેળવણીથી આપનો સર્વાંગી વિકાસ થાય તે માટે અમો સતત જાગ્રત છીએ. આ કોલેજના વિદ્યાર્થીઓને 'માહિતી' માંથી જ્ઞાન તરફ લઈ જઈને યૌવનધનને સાચી દિશા ચીંધવાનું કામ અમારું છે.

આપણી કોલેજના વિદ્યાર્થીઓના સર્વાંગીણ ઉત્કર્ષ માટે અમો સતત પ્રયત્નશીલ રહયા છીએ. વિદ્યાર્થીઓ બધાજ પીરિયડ ભરે અને ફ્રી પીરિયડનો સદ્ઉપયોગ on call teacher થકી થાય તેની તો સવિશેષ કાળજી લેવામાં આવે જ છે. પરંતુ સાથે સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે અનેક સેમીનાર, વર્કશોપ, ટ્રેનીંગ કાર્યક્રમો, વિદ્વાન વક્તાઓના વ્યાખ્યાનો, સ્પોટર્સ ડે, રમતગમત સ્પર્ધાઓ, અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો, વકતૃત્વ, નિબંધ, રેખાચિત્ર સ્પર્ધાઓ, બે પારિતોષિક વિતરણ કાર્યક્રમો, વાર્ષિકોત્સવ જેવા અનેકવિધ વિશિષ્ટ કાર્યક્રમો યોજાય છે. જેને પરિણામે આ કોલેજનું વાતાવરણ તંદુરસ્ત, સ્વચ્છ અને સ્પર્ધાત્મક બને છે. લગભગ દરેક વિદ્યાર્થીને તેમની અભિરુચિ મુજબની વિવિધ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં જોડવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓમાં પ્રયોગાત્મક અને સંશોધનાત્મક વૃત્તિ અને વલણ કેળવાય છે અને વિદ્યાર્થીઓની તર્કબદ્ધ વૈચારિક શક્તિ પણ વધે છે. **-અસ્તુ.**

# ચાલો, મેનેજમેન્ટ અને કૉલેજને જાણીએ

શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ દ્વારા આ કૉલેજનું સંચાલન થાય છે. ૧૯૭૩-૭૪ ના શૈક્ષણિક વર્ષથી સીંગલ કોમર્સ ફેકલ્ટી તરીકે આ કોલેજ કાર્યરત છે. તે પહેલાં ૧૯૬૪-૬૫ થી ૧૯૭૨-૭૩ના વર્ષ દરમ્યાન વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખા સંયુક્ત ફેકલ્ટી અસ્તિત્વમાં હતી. વાણિજ્ય વિદ્યાશાખા માટે શાહ નરોત્તમદાસ હરજીવનદાસના સ્મરણાર્થે ઉદાર સખાવત પ્રાપ્ત થતાં અલગ એકમ તરીકે શાહ એન. એચ. કોમર્સ કોલેજ અસ્તિત્વમાં આવી.

આપણા ભારત દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અને વલસાડના સપૂત સ્વ. મોરારજીભાઈ દેસાઈએ શ્રી નૂતન કેળવણી મંડળના પ્રથમ ફાઉન્ડર ચેરમેન તરીકે તથા સ્વ. મોઘાભાઈ દેસાઈએ ફાઉન્ડર સેક્રેટરી તરીકે મૃત્યુપર્યંત સેવા આપી હતી. સ્વ. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, સ્વ. બી. કે. મજમુદાર, ખ્યાતનામ ઉદ્યોગપતિ સિધ્ધાર્થ લાલભાઈ, શ્રી સાકરલાલ કાપડિયા, શ્રી સુમંતરાય દેસાઈ જેવા વિદ્વાન દિર્ઘદૃષ્ટિ સંપન્ન મહાનુભવોએ શરૂઆતમાં પાયાના પથ્થર તરીકે કામ કરીને મજબૂત ઈમારત ચણવા માટે મંડળને દિશા આપી હતી અને એમને પગલે જ હાલમાં જાણીતા ક્રિકેટર, રમતપ્રેમી, ઉદ્યોગપતિ મા. શ્રી કાન્તિલાલ આર. દેસાઈ ચેરમેનશ્રી તરીકે માર્ગદર્શન પૂરૂં પાડી રહ્યા છે. મા. શ્રી અર્જુનભાઈ દેસાઈ (ઉપપ્રમુખશ્રી), જાણીતા વેપારી મા. શ્રી પ્રદ્યુમનભાઈ કે. શાહ (માનદ્‌મંત્રીશ્રી), મા. શ્રી ભદ્રેશભાઈ ગાંધી (સહમંત્રીશ્રી) અને શ્રી જનકભાઈ દેસાઈ (આસીસ્ટન્ટ સેક્રેટરીશ્રી) હાલમાં નિયામક મંડળના ઓફીસ બેરર તરીકે સેવા આપી રહ્યા છે. કેમ્પસ ડાયરેકટર તરીકે ડૉ. સુનિલભાઈ મરજાદી સેવા આપે છે. શ્રી નૂતન કેળવણી મંડળ એ ગુજરાતનું રોલ મોડેલ મેનેજમેન્ટ છે અને શૈક્ષણિક ક્ષેત્રમાં મેનેજમેન્ટ આગવી રીતે સેવા આપી રહયું છે.

આપણી કોલેજને ગુજરાતની શ્રેષ્ઠ કૉલેજ માટેનું સને ૧૯૮૩-૮૪ ના વર્ષનું રૂા. ૫૦,૦૦૦/- નું પારિતોષિક ગુજરાત સરકાર તરફથી પ્રાપ્ત થયું છે જે ગૌરવની બાબત છે. આપણી કોલેજમાં જુન ૧૯૮૧ થી એમ. કોમ.નું અનુસ્નાતક કેન્દ્ર ચાલે છે. નેશનલ એસેસમેન્ટ અને એક્રેડેટીશન કાઉન્સિલ, બેંગ્લોર દ્વારા આ કોલેજનું એક્રેડીટીશન શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ માં થયેલું છે અને 'બી' ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. આ કોલેજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે કાયમી ધોરણે સંલગ્ન છે.

કોલેજના કાર્યાલયનો સમય સવારે ૧૦-૩૦ થી સાંજે ૬-૧૦ સુધીનો અને શૈક્ષણિક કાર્યનો સમય બપોરે ૧૨-૧૫ થી ૪-૪૦ સુધીનો છે. અધ્યાપકો માટે બપોરે ૧૨-૧૦ થી સાંજે ૫-૧૦ સુધીનો છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી :

- તિથલના સમુદ્રથી નજીક કોલેજનું પ્રદૂષણમુક્ત શાંત, નયનરમ્ય સ્વચ્છ વાતાવરણમાં વૃક્ષો આચ્છાદિત પ્રાણવાયુ વિશાળ છલોછલ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી રળિયામણું કેમ્પસ.
- દરેક વર્ગખંડમાં માઈકની સુવિધા જે થકી પ્રાર્થનાથી શુભારંભ.
- મોટા વર્ગખંડોમાં કોલર માઈકની સુવિધા, જેથી છેલ્લી બેંચ પર બેઠેલો વિદ્યાર્થી પણ સ્પષ્ટ સાંભળી શકે.
- મલ્ટીમીડિયા હૉલની સુવિધા.
- યુજીસી નેટવર્ક રિસોર્સ સેન્ટર.
- ડીજીટલ એજ્યુકેશન લર્નીંગ લેબ સેન્ટર (DELL)
- શ્રીમતિ ગજરાબેન ચીમનલાલ દેસાઈ કોમ્પ્યુટર સેન્ટર
- હવા ઉજાસવાળા સંપૂર્ણ સ્વચ્છ વર્ગખંડો - ICT enable classes
- અદ્યતન સુવિધા સાથેની વહીવટી ઓફીસ.
- અનુસ્નાતક ભવન
- સજેશન બોક્ષની સુવિધા
- વૈવિધ્ય સભર અને વિશાળ શ્રેણીના પુસ્તકો અને મેગેઝીનોથી ભરપૂર આધુનિક કોમ્પ્યુટરાઈઝડ લાયબ્રેરી ઈન્ટરનેટની સુવિધા સાથે
- વિશાળ ઓડિટોરિયમ સંસ્કાર કેન્દ્ર
- વર્ગખંડમાં પોડીયમ, કોમ્પ્યુટર અને વિઝયુલાઈઝર.
- L. C. D., O. H. P. પ્રોજેક્ટર
- R. O. વોટર પ્યુરીફાય પ્લાન્ટ
- ઈન્ટરનેટ ફેસીલીટી
- ફોટોસ્ટેટ ફેસીલીટી
- ડેડીકેટેડ અને કવૉલીફાઈડ સ્ટાફ
- સ્ટાફ અને વિદ્યાર્થી માટે અલગ પાર્કીંગ
- કેન્ટીન સુવિધા
- ઈન્ડોર સ્પોર્ટસ હૉલ
- વ્યવસાયલક્ષી માર્ગદર્શન કેન્દ્ર
- વિદ્યાર્થી સહાય કેન્દ્ર
- કોલેજની નજીક બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલની સગવડ
- રમત-ગમતનું વિશાળ લોન આચ્છાદિત મેદાન
- પેવેલિયન
- પ્રેરણાદાયી, સ્લોગન, સૂત્રો, ચિત્રોથી સજ્જ શિક્ષણ સંકુલ.
- સહકારી પુસ્તક ભંડાર

**વિગેરે મોઘાભાઈ દેસાઈ સંકુલની વિશેષતાઓ છે.**

# શૈક્ષણિક આયોજન : ૨૦૧૪-૨૦૧૫

| ક્રમ | માસ | વેકેશનના દિવસો | રવિવાર | જાહેર રજા | કામના કુલ દિવસો |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૯ મી જુન-૨૦૧૪ | — | — | — | ૦૧ |
| ૨. | જુલાઈ-૨૦૧૪ | — | ૦૪ | ૦૧ | ૨૬ |
| ૩. | ઓગષ્ટ-૨૦૧૪ | — | ૦૫ | ૦૩ | ૨૩ |
| ૪. | સપ્ટેમ્બર-૨૦૧૪ | — | ૦૪ | — | ૨૬ |
| ૫. | ઓક્ટોબર-૨૦૧૪ | ૧૨ | ૦૩ | ૦૩ | ૧૩ |
| ૬. | નવેમ્બર-૨૦૧૪ | ૦૯ | ૦૩ | — | ૧૯ |
| ૭. | ડિસેમ્બર-૨૦૧૪ | — | ૦૪ | ૦૧ | ૨૬ |
| ૮. | જાન્યુઆરી-૨૦૧૫ | — | ૦૪ | ૦૨ | ૨૫ |
| ૯. | ફેબ્રુઆરી-૨૦૧૫ | — | ૦૪ | ૦૧ | ૨૩ |
| ૧૦. | માર્ચ-૨૦૧૫ | — | ૦૫ | ૦૨ | ૨૪ |
| ૧૧. | એપ્રિલ-૨૦૧૫ | — | ૦૪ | ૦૪ | ૨૨ |
| ૧૨. | મે-૨૦૧૫ | ૧૬ | ૦૧ | — | ૧૪ |
| ૧૩. | જુન-૨૦૧૫ | ૩૦ | — | — | — |
| ૧૪. | જુલાઈ-૨૦૧૫ | ૭૦ | ૪૧ | ૧૭ | ૨૪૧ |

(૧) **ઓકટોબર સેમેસ્ટર યુનિવર્સિટી પરીક્ષા :** તા. ૧૭-૧૧-૨૦૧૪ થી તા. ૧૭-૧૨-૨૦૧૪

(૨) **માર્ચ સેમેસ્ટર યુનિવર્સિટી પરીક્ષા :** તા. ૦૭-૦૪-૨૦૧૫ થી તા. ૦૮-૦૫-૨૦૧૫

(૩) **દિવાળી વેકેશન :** તા. ૨૦-૧૦-૨૦૧૪ થી તા. ૦૯-૧૧-૨૦૧૪

(૪) **ઉનાળુ વેકેશન :** તા. ૧૬-૦૫-૨૦૧૫ થી તા. ૦૩-૦૭-૨૦૧૫


## વાંચવા લાયક પુસ્તકો

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદકનું નામ | વાચકે જણાવેલ પુસ્તક વિષેની ટૂંકી નોંધ |
|---|---|---|---|
| ૧. | ઘડતર અને ચણતર | નાનાભાઈ ભટ્ટ | શિક્ષણક્ષેત્રે કાર્યરત દરેક શિક્ષકે સજ્જતા કેળવવા આ પુસ્તક વાંચવું અપેક્ષિત છે. |
| ૨. | શિક્ષણનું સત્ય | ડૉ. દક્ષેશ ઠાકર | શિક્ષણ વિષયક વાસ્તવિક ચિત્ર રજૂ કરતા વિચારો છે. |
| ૩. | ભારતીય શિક્ષણની મૂળ તત્વો | લજ્જારામ તોમર અનુવાદઃ ઈન્દુમતીબેન કાટધરે | ભારતીય શિક્ષણ દર્શન, પંચકોષાત્મક વ્યક્તિત્વનો વિકાસ, સર્વાંગીણ વિકાસ, ભારતીય સંસ્કૃતિ, પ્રકૃતિને અનુરૂપ શિક્ષણ કેવી રીતે ઘડવું, જ્ઞાનાર્જન પ્રક્રિયા વગેરે વિષે માર્ગદર્શન આપે છે. |
| ૪. | રાષ્ટ્રીય શિક્ષા આંદોલન કા ઈતિહાસ (હિન્દી ભાષામાં છે) | ડૉ. દેવેન્દ્ર સ્વરૂપ | ભારત રાષ્ટ્રમાં જે જે મહાપુરુષોએ શિક્ષણના આંદોલનો ચલાવ્યા, પ્રયાસો કર્યા તેના વિષે છે. |

# શૈક્ષણિક સ્ટાફ



**પ્રિ. ડૉ. જે. એમ. નાયક**
M. Com., LL. B., M. Phil., Ph. D.
આચાર્યશ્રી,
વિષય : એકાઉન્ટસી, અનુભવ : ૩૮ વર્ષ



**પ્રો. ટી. જી. પટેલ**
M. A.
વાઈસ પ્રિન્સીપાલ
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ઈકોનોમિક્સ,અનુભવ : ૩૪ વર્ષ



**પ્રો. આર. પી. પટેલ**
M. Sc.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : સ્ટેટેસ્ટીક્સ
અનુભવ : ૩૩ વર્ષ



**પ્રો. કે. એચ. પુરોહિત**
M. A., B. Ed.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ઈકોનોમિક્સ
અનુભવ : ૩૩ વર્ષ



**પ્રો. એન. એમ. શાહ**
M. Com., B. Ed.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૩૩ વર્ષ



**પ્રો. બી. ટી. પટેલ**
M. A., LL. M.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : અંગ્રેજી
અનુભવ : ૩૩ વર્ષ



**પ્રો. એસ. ઝેડ. પટેલ**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૩૨ વર્ષ



**પ્રો. કે. આર. ભાવસાર**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : સ્ટેટેસ્ટીક્સ
અનુભવ : ૨૮ વર્ષ (ફુલ) ૨ વર્ષ (પાર્ટ)



**પ્રો. વી. આર. ચાપાનેરી**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૨૫ વર્ષ



**પ્રો. કે. સી. પટેલ**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : એકાઉન્ટસી
અનુભવ : ૨૪ વર્ષ



**પ્રો. એમ. જી. પટેલ**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : કોમર્સ
અનુભવ : ૨૩ વર્ષ




**પ્રો. ડૉ. ડી. જી. ઠાકોર**
M. A., Ph. D.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ઈંગ્લીશ
અનુભવ : ૨૩ વર્ષ



**પ્રો. એમ. એ. મુલ્લા**
M. Com.
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : કોમર્સ
અનુભવ : ૨૩ વર્ષ



**પ્રો. એમ. કે. પટેલ**
M. P. Ed.
(સહાયક અધ્યાપક)
વિષય : ફિઝીકલ એજ્યુકેશન
અનુભવ : ૧૩ વર્ષ



**પ્રો. એમ. બી. ચૌહાણ**
M. A., LL. B., NET
(એસોસીએટ પ્રોફેસર)
વિષય : ગુજરાતી
અનુભવ : ૧૦ વર્ષ



**શ્રીમતી ડૉ. રશ્મીબેન આર. પટેલ**
M. Com., M. Phil, Ph. D.
(પાર્ટ ટાઈમ)
વિષય : કોમર્સ
અનુભવ : ૧૪ વર્ષ (પાર્ટ ટાઈમ)

# વહિવટી સ્ટાફ



**પ્રિ. ડૉ. જે. એમ. નાયક**
આચાર્યશ્રી



**શ્રી એ. આર. પટેલ**
સીનીયર કલાર્ક



**શ્રી બી. આર. પટેલ**
જુનિયર કલાર્ક



**શ્રી એસ. જે. પટેલ**
જુનિયર કલાર્ક



**શ્રી આર. એચ. દેસાઈ**
એડહોક કલાર્ક



**શ્રીમતિ એસ. એન. પરમાર**
એડહોક કલાર્ક



**શ્રીમતિ જે. એ. દેસાઈ**
એડહોક કલાર્ક



**કુ. બી. કે. દેસાઈ**
એડહોક કલાર્ક



**શ્રી યુ. એમ. રાઠોડ**
એડહોક ગ્રાઉન્ડમેન



**શ્રી વી.એસ. હળપતી**
એડહોક સેવક



**શ્રી બી. આર. પટેલ**
એડહોક સેવક



**શ્રીમતી કે. એસ. પટેલ**
એડહોક સેવિકાબેન



**શ્રી એ. બી.પટેલ**
એડહોક સેવક



**શ્રી બી. આર. આહિર**
એડહોક સેવક



**શ્રીમતિ મીતા આહિર**
એડહોક સેવિકાબેન



**શ્રી વી. કે. મકવાણા**
એડહોક સ્વીપર

# અનુસ્નાતક વિઝીટીંગ અધ્યાપકો

આપણી કોલેજમાં જુન ૧૯૮૧ થી એમ. કોમ.નું અનુસ્નાતક કેન્દ્ર કાર્યરત છે. કોલેજના સ્થાનિક અધ્યાપકો ઉપરાંત વલસાડની આજુબાજુની કોલેજમાંથી વીઝીટીંગ અધ્યાપક તરીકે સેવા આપતા વિદ્વાન અધ્યાપકો થકી અનુસ્નાતક ક્ષેત્રે ગુણવત્તાયુક્ત શિક્ષણ વિદ્યાર્થીઓને મળી રહ્યું છે.

| અ.નં. | અધ્યાપક | કોલેજ | વિષય |
|---|---|---|---|
| ૧. | પ્રો. આઈ. એમ. ગાંધી | (નિવૃત્ત) બીલીમોરા | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ પેપર I અને IV |
| ૨. | પ્રો. આર. એસ. શેઠ | (નિવૃત્ત) વલસાડ | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ પેપર III અને VI |
| ૩. | પ્રો. વી. એમ. કેવત | (નિવૃત્ત) બીલીમોરા | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ પેપર IX & XII |
| ૪. | પ્રો. એન. ટી. ઢીમર | ધરમપુર કોલેજ | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ પેપર II & V |
| ૫. | પ્રો. વી. ડી. પટેલ | ધરમપુર કોલેજ | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ પેપર VIII & XI |
| ૬. | પ્રો. વાય. જે. મિસ્ત્રી | ખેરગામ કોલેજ | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ પેપર I & II |
| ૭. | પ્રો. આઈ. એન. મિસ્ત્રી | પારડી કોલેજ | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એકાઉન્ટીંગ પેપર I & II |
| ૮. | પ્રા. એચ. એન. ગાંધી | નવસારી મહિલા કોલેજ | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ એન્ડ એકાઉન્ટીંગ IX & XII |
| ૯. | પ્રો. એમ. ડી. પટેલ | બીલીમોરા કોલેજ | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર II & V |
| ૧૦. | પ્રો. બી. એન. શાહ | (નિવૃત્ત) બીલીમોરા | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર VIII & XI |
| ૧૧. | પ્રો. સી. વી. પટેલ | (નિવૃત્ત) બીલીમોરા | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર VII & X |
| ૧૨. | પ્રો. એચ. ડી. ગજ્જર | (નિવૃત્ત) સુરત | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર VII & X |
| ૧૩. | પ્રો. ડૉ. આર. કે. નાયક | નવસારી મહિલા કોલેજ | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર IX & XII |
| ૧૪. | પ્રો. ડી. એમ. પ્રજાપતિ | બારડોલી કોલેજ | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર II & V |
| ૧૫. | પ્રો. આઈ. કે. પટેલ | ધરમપુર કોલેજ | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર IX & XII |
| ૧૬. | પ્રો. એસ. ડી. પટેલ | (નિવૃત્ત) બીલીમોરા | એડવાન્સ સ્ટેટેસ્ટીકસ પેપર III & VI |
| ૧૭. | પ્રો. નમ્રતા ખિલોચીયા | રોફેલ કોલેજ, વાપી | સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ પેપર I અને II |
| ૧૮. | પ્રો. હેમાંગિની દેસાઈ | ચીખલી કોલેજ | સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ પેપર I & II |
| ૧૯. | પ્રો. વી. કે. દેસાઈ | પારડી કોલેજ | એડવર્ટાઈઝીંગ અને સેલ્સ મેનેજમેન્ટ I & II |
| ૨૦. | પ્રો. યુ. એમ. દેસાઈ | મોટાપોંઢા કોલેજ | ઈકોનોમિક્સ ઑફ ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ પેપર I & II |
| ૨૧. | પ્રો. ડી. આર. ભંડારી | ધરમપુર કોલેજ | ઓર્ગેનાઈઝ્ડ માર્કેટ પેપર I & II |

# સ્નાતક કક્ષાના વિષયો

## F.Y. B. COM.

**Semester-I**

1. Business Economics-I
2. Financial Accounting-I
3. Business Admi.-I
4. Statistics for business-I
5. Elements of Banking & Insurance-I
6. Foundation Course in English Written & Spoken Communication Skills-I

**Semester-II**

1. Business Economics-II
2. Financial Accounting-II
3. Business Admi.-II
4. Statistics for business-II
5. Elements of Banking & Insurance-II
6. Envirronmental Study-II
7. Foundation Course in English Written & Spoken Communication Skills-I

## S.Y. B. COM.

**Semester-III**

1. Macro Economics-III
2. Accountancy & Taxation Comp.-III
3. Business Admi.-III
4. English(Comp.)-III
5. Advance Accounting & Auditing-I
6. Advance Accounting & Auditing-IV

OR

5. Statstics-III
6. Statstics-IV
7. Banking-I

**Semester-IV**

1. Macro Economics-IV
2. Accountancy & Taxation Comp.-IV
3. Business Admi.-IV
4. English(Comp.)-IV
5. Advance Accounting & Auditing-III
6. Advance Accounting & Auditing-IV

OR

5. Statstics-III
6. Statstics-IV
7. Banking-II

## T.Y. B. COM.

**Semester-V**

1. Problem of Indian Eco. Development-V
2. Mercantil Law-I
3. Business Admi.-V
4. English(Comp.)-V
5. I. Advance Accounting & Auditing-V
   II. Advance Accounting & Auditing-VI

OR

5. Statstics-V
6. Statstics-VI
7. Banking-VIII

**Semester-VI**

1. Problem of Indian Eco. Development-VI
2. Mercantil Law-II
3. Business Admi.-VI
4. English(Comp.)-VI
5. Advance Accounting & Auditing-V
6. Advance Accounting & Auditing-VIII

OR

5. Statstics-VII
6. Statstics-VIII
7. Banking-IV

# અનુસ્નાતક કક્ષાના વિષયો

## M. COM.

**Semester-I**

1. Economics of Growth & Planning Paper-I
2. Management Theory & Practice Paper - I
3. Advertising & Sales Management - I

4-5-6. Financial & Management Accounting Paper I, II & III

OR

4-5-6. Advanced Statistics Paper I, II & III

**Semester-II**

1. Economics of Growth & Planning Paper-II
2. Management Theory & Practice Paper - II
3. Advertising & Sales Management - II

4-5-6 Financial & Ma gement Accounting Paper - IV, V & VI

OR

4-5-6 Advabced Statistics Paper - IV, V & VI

**Semester-III**

1. Organised Market Paper-I
2. Financial Management Paper - I
3. Stratigic Management Paper - I

4-5-6. Financial & Management Accounting Paper VII, VIII & IX

OR

4-5-6 Advanced Statistics Paper VII, VIII, IX

**Semester-II**

1. Organised Market Paper-II
2. Financial Management Paper - II
3. Stratigic Management Paper - II
4. Financial & Management Accounting Paper X, XI & XII

OR

4-5-6 Advanced Statistics Paper X, XI & XII

## સત્ર દીઠ ફીનું માળખું

| Sr. No. | Particulars | F.Y. B. Com. Sem. : 1st | S.Y. B. Com. T.Y.B. Com. Sem.: 3rd Sem.: 5th | F.Y. B. Com. S.Y. B. Com. T.Y. B. Com. Sem. : 2nd Sem. : 4th Sem. : 6th | M. Com. Sem.: 1st | M. Com. Sem.:3rd | M. Com. Sem.:2nd Sem.:4th |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Tuttion Fee | 600 | 600 | 600 | 1000 | 1000 | 1000 |
| 2. | Admission Fees (One Time) | 100 | — | — | 50 | — | — |
| 3. | Identity Card Fee (One Time) | 50 | 50 | — | 50 | 50 | — |
| 4. | Student's & Teacher's Welfare | 250 | 250 | 250 | 150 | 150 | 150 |
| 5. | Books, Equipment Etc. | 300 | 300 | 300 | 250 | 250 | 250 |
| 6. | Student Union Fee | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| 7. | Amenity Fee | 250 | 250 | 250 | 150 | 150 | 150 |
| 8. | Campus Development Fee | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| 9. | Internal Examination Fee | 100 | 100 | 100 | 75 | 75 | 75 |
| 10. | Enrolment Fee (One Time) with form fee | 120 | — | — | — | — | — |
| 11. | Library Deposit (Refundable) (One Time) | 200 | — | — | 200 | — | — |
| 12. | College Deposit (Refundable) (One Time) | 100 | — | — | 100 | — | — |
| 13. | Uni. Campus Devlopment Fee | 50 | 50 | 50 | 50 | 50 | 50 |
| 14. | Uni. Sports And Cultural Activities | 20 | 20 | 20 | 20 | 20 | 20 |
| 15. | Uni. Sports Complex Development Fee | — | — | — | 20 | 20 | 20 |
| 16. | Admission Registration Form | — | — | — | 10 | 10 | — |
| | Total Fees ₹. | 2340 | 1820 | 1770 | 2325 | 1975 | 1915 |

**ખાસ નોંધ :** ફી વખતોવખત યુનિવર્સિટી દ્વારા ફેરફારને આધિન રહેશે.

| **Hostel Fees:** | ₹. |
|---|---|
| Hostel Fee Per Term | 1,900/- |
| Electricity Charges | 2,100/- |
| Deposit (One Time) | 500/- |
| TOTAL Rs. | 4,500/- |

**નોંધ :**

૧. શિક્ષણ ફી વિદ્યાર્થી બહેનોએ ભરવાની નથી.

૩. કોલેજ છોડ્યા બાદ છ માસની મુદતમાં ડિપોઝીટ પરત લેવા રસીદ રજૂ કરવી. છ માસ બાદ ડિપોઝીટ પરત મળશે નહીં.

૪. તમામ પ્રકારની ફીનું માળખું વખતો વખત નિયમોનુસાર ફેરફારને આધિન રહેશે.

૫. કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓએ બેંક ઑફ બરોડાના ખાતા નંબરની ઝેરોક્ષ નકલ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરી ફોર્મ સાથે આપવી અન્યથા શિષ્યવૃત્તિનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**ખાસ નોંધ :**

અનુ. જાતિ./ જનજાતિ તથા બક્ષીપંચના વિદ્યાર્થીઓએ સરકારશ્રીના આદેશ અનુસાર બેન્ક ઓફ બરોડા, તિથલ રોડ, બેન્કમાં શૂન્ય બેલેન્સથી ખાતુ ખોલાવવું ફરજીયાત છે. ખાતું ખોલાવવા વિદ્યાર્થીએ (૧) પાસપોર્ટ સાઈઝ ફોટાની બે કોપી (૨) રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ લઈને બેન્ક ઓફ બરોડા, તિથલ રોડ, શાખાનો સંપર્ક કરવો. શિષ્યવૃત્તિ ફોર્મ ભરતી વખતે ખાતા નંબર તથા આધાર નંબર દર્શાવવો ફરજીયાત રહેશે.

## તા. ૧૧/૩/૨૦૧૪ ના વાર્ષિકોત્સવ અને પારિતોષિક વિતરણ સમારોહમાં મેડલ, પ્રાઈઝ અર્પણ

| અ. નં. | મેડલ/પ્રાઈઝનું નામ | કઈ શૈક્ષણિક/સહ અભ્યાસ સિધ્ધિ માટે | રકમ (₹) | તેજસ્વી તારલાનું નામ | દાતાનું સરનામુ |
|---|---|---|---|---|---|
| ૧. | સ્વ. આશાભાઈ હરગોવિંદરાય મેમોરીયલ પ્રાઈઝ | ટી. વાય. બી. કોમ. યુનિવર્સિટી પરીક્ષામાં એકાઉન્ટન્સી ૩ અને ૪ ના સ્પેશીયલ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૩૦૦/-<br>૩૦૦/- | કુ. અવનીત કૌર ૨૦૦ માં થી ૧૫૧ માર્કસ<br>કુ. શહેનાઝબાનુ ૨૦૦ માં થી ૧૫૧ માર્કસ | પ્રૉ. એચ. એ. રાય<br>સી-૧/૧૦,<br>રીનાપાર્ક સોસાયટી,<br>તિથલ રોડ, વલસાડ. |
| | | ટી.વાય.બી.કોમ. યુનિવર્સિટી પરીક્ષામાં મર્કન્ટાઈલ લૉ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૨૫૦/-<br>૨૫૦/- | કુ. જેસીકા પટેલ ૧૦૦ માં થી ૭૩ માર્કસ<br>કુ. નાઝિશ ખાન ૧૦૦ માં થી ૭૩ માર્કસ | |
| ૨. | શ્રીમતિ ચંચળબેન આશાભાઈ રાય મેમોરીયલ પ્રાઈઝ | એમ. કોમ. પાર્ટ-૨, યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ટકા મેળવનારને | ૬૦૦/- | કુ. જયાદેવી પરદેશી ૭૨.૮૩% | |
| ૩. | સ્વ. આશાભાઈ હરગોવિંદરાય અને ચંચળબેન આશાભાઈ રાય ના સ્મરણાર્થે. | ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય. | ૫૫૦/-<br>૫૫૦/-<br>૫૫૦/-<br>૫૫૦/- | કુ. કલ્યાણી અશોકભાઈ - S.Y. B. Com.<br>કુ. ડિમ્પલ ભાનુશાલી - T.Y. B. Com.<br>કુ. સોનાલી પ્રજાપતિ - S.Y. B. Com.<br>શ્રી જય દેસાઈ - T.Y. B. Com. | |
| ૪. | સ્વ. શ્રીમતી ચંચળબેન આશાભાઈ રાય મેમોરીયલ વકતૃત્વ સ્પર્ધા નં. ૧,૨,૩,૪ પેટે મળેલ કુલ દાન રૂા. ૬૧,૩૦૦/- ના વ્યાજમાંથી | કોલેજ કક્ષાએ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને | ૩૦૦/-<br>૨૫૦/-<br>૨૦૦/- | કુ. પ્રિયંકા યાદવ - F.Y. B. Com.<br>કુ. પ્રિયંકા સંઘવી - F.Y. B. Com.<br>કુ. સોનાલી ટંડેલ - F.Y. B. Com. | |
| ૫. | નિવૃત્ત અધ્યાપક પ્રો. એચ. એ. રાય (રૂા. ૫,૦૦૧/- ના દાનના વ્યાજમાંથી, તા. ૨૪/૩/૨૦૦૫) | જીમખાના પ્રવૃત્તિમાં વિશિષ્ટ દેખાવ કરવા બદલ — વોલીબોલ<br>હોકી | ૨૫૦/-<br>૨૫૦/- | કુ. ભારતી શાહ - S.Y. B. Com.<br>કુ. પિન્કલ પટેલ - T.Y. B. Com. | |
| ૬. | પ્રો. એચ. એ. રાય તરફથી એમના માતૃશ્રી ગં.સ્વ. શાંતાબેન આશાભાઈ રાયના નામે દાન મળ્યા તા. ૨૮/૧૧/૨૦૦૯ | પર્સનાલીટી ડેવલપમેન્ટના પુસ્તકો ખરીદવા માટે રૂા.૧,૦૧,૦૦૦/- ના વ્યાજમાંથી | ૭,૨૦૦/- | વ્યાજની આવકમાંથી પર્સનાલીટી ડેવલપમેન્ટને લગતા ૬૯ પુસ્તકો ખરીદવામાં આવ્યા. | |
| ૭. | માસ્ટર રાજા ક્રિશ્ન એસ. ઐયર મેમોરીયલ પ્રાઈઝ (રૂા. ૫,૦૦૧/- દાનના વ્યાજ માંથી તા. ૩૧-૧૦-૨૦૦૨) | ટી.વાય.બી.કોમ. યુનિવર્સિટી પરીક્ષામાં એકાઉન્ટસી પેપર-૩ અને ૪ માં સૌથી વધુ ગુણ મેળવનારને | ૨૨૫/-<br>૨૨૫/- | ૧. કુ. અવનીત કૌર ૨૦૦ માંથી ૧૫૧ માર્કસ<br>૨. કુ. શહેનાઝબાનુ ૨૦૦ માં થી ૧૫૧ માર્કસ | શ્રી પી. કે. સત્યનારાયનન,<br>પી/૫૮,<br>અતીક કોલોની<br>મુ.પો.અતુલ.<br>પીન : ૩૯૬ ૦૨૦ |
| ૮. | શ્રી ગૌરવ અનિલભાઈ દેસાઈ મેમોરીયલ ફંડ પ્રાઈઝ (રૂા.૧૧,૧૧૧/- દાનના વ્યાજમાંથી, તા. ૭/૧/૨૦૦૩) | યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ટકા મેળવનારને<br>F.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા<br>S.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા<br>T.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા | <br>૩૦૦/-<br>૩૦૦/-<br>૩૦૦/- | <br>કુ. કલ્યાણી અશોકભાઈ ૭૯.૨૯%<br>કુ. હુમેરા શેખ ૭૬.૧૪%<br>કુ. શિવાની આચાર્ય ૭૨.૦૦% | શ્રી અનિલભાઈ ડાહ્યાભાઈ દેસાઈ<br>૨૨૪, કલોલ એપાર્ટમેન્ટ, સર્જન એપાર્ટમેન્ટની સામે, વશી ફળિયા, હાલર, વલસાડ. |

| અ. નં. | મેડલ/પ્રાઈઝનું નામ | કઈ શૈક્ષણિક/સહ અભ્યાસ સિધ્ધિ માટે | રકમ (₹) | તેજસ્વી તારલાનું નામ | દાતાનું સરનામુ |
|---|---|---|---|---|---|
| ૯. | **કમુબેન ગુણવંતરાય દેસાઈ અને ગુણવંતરાય મણીભાઈ દેસાઈની પૂણ્યસ્મૃતિમાં તેજસ્વી કારકિર્દી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અર્થે ઈનામ (પ્રાઈઝ) તા.૨/૬/૨૦૧૦ રૂા.૪૫૦૦૦/-** | યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનારને<br>F.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા<br>S.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા<br>T.Y.B.Com. યુનિવર્સિટી પરીક્ષા<br>M. Com. પાર્ટ-૧ અને પાર્ટ-૨ | <br><br>૪૦૦/-<br>૪૦૦/-<br>૪૦૦/-<br>૪૦૦/- | <br><br>કુ. કલ્યાણી અશોકભાઈ ૭૯.૨૯%<br>કુ. હુમેરા શેખ ૭૬.૧૪%<br>કુ. શિવાની આચાર્ય ૭૨.૦૦%<br>કુ. જયાદેવી પરદેશી ૭૨.૮૩% | ડૉ. હીરકભાઈ દેસાઈ<br>પાલીહીલ નં.-૪<br>તીથલ રોડ,<br>વલસાડ. |
| ૧૦. | **ડો. પી. સી. રાયજીવાલા દાન મળ્યા. તા. ૨૬-૧-૨૦૧૦ વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪ માટે** | ટી.વાય.બી.કોમ. વાણિજય સંચાલન વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૧૦૦/- | કુ. શિવાની આચાર્ય<br>૧૦૦ માંથી ૭૨ માર્કસ | ડૉ. પી. સી. રાયજીવાલા<br>૮, સુફલમ્ સોસાયટી,<br>વિભાગ-૧, મેઈન રોડ,<br>નાનપુરા, કદમ્બપલ્લી,<br>સુરત. |
| | | એમ.કોમ.પાર્ટ-૧/૨ માં આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ ગુણ મેળવનારને | ૧૦૦/- | શ્રી મિગ્નેશ ભંડારી<br>૧૦૦ માંથી ૭૫ માર્કસ | |
| ૧૧. | **પ્રા. બી. એન. દેસાઈ નિવૃત્ત અધ્યાપક** | જીમખાના પ્રવૃત્તિમાં વિશિષ્ટ દેખાવ કરવા બદલ(યુનિ. માં એથલેટીક્સ મીટમાં ગોલ્ડ મેડલ મેળવનારને) | ૧૦૦૦/- | શ્રી રાજીવ વળવી - T.Y. B. Com. | પ્રો. બી. એન. દેસાઈ<br>કોચર ફળિયા,<br>વલસાડ પારડી,<br>વલસાડ. |
| ૧૨. | **સ્વ. સરલાબેન દોલતરાય દેસાઈ અને દોલતરાય ઝીણાભાઈ દેસાઈની પુણ્યસ્મૃતિમાં, હસ્તક : શ્રી દોલતરાય ઝીણાભાઈ દેસાઈ તરફથી તા.૧-૧-૨૦૦૮** | રૂા. ૧,૦૦,૦૦૦/- ના દાનના વ્યાજમાંથી અભ્યાસ ઉત્તેજક અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ પ્રતિવર્ષ યોજવા માટે દાન મળ્યા. | ૯૫૭૬/- | વર્ષ દરમ્યાન અનેકાનેક અભ્યાસ ઉત્તેજક અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ તથા સેમીનાર યોજીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. | પ્રો. આર. બી. દેસાઈ<br>એ-૨૦૩,<br>ઋષિકેશ ટાવર,<br>તિથલ રોડ,<br>વલસાડ. |
| ૧૩. | **પ્રા. સુશીલાબેન એમ. દેસાઈ નિવૃત્ત અધ્યાપિકા રૂા. ૫૦૦૦/- દાનના વ્યાજમાંથી** | રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડવા ઈનામ — એથલેટીક્સ | ૨૫૦/- | શ્રી હીરામણ દાધવ - S.Y. B. Com. | પ્રો. સુશીલાબેન એમ. દેસાઈ<br>આનંદ સાગર સોસાયટી,<br>મુલ્લાવાડી, વલસાડ. |
| | | એથલેટીક્સ | ૨૫૦/- | શ્રી સોહિલ શેખ - F.Y. B. Com. | |
| ૧૪. | **સ્વ. રમણીકલાલ પી. પરીખના સ્મરણાર્થે પ્રા. ડી. આર. પરીખ તરફથી** | સ્થાનિક કક્ષાએ થયેલ વર્ષાગીત, ભજન સ્પર્ધા અને મ્યુઝિકલ ઈવનીંગના વિજેતાઓને રોકડ રકમ | ૫૧૭૫/- | કુલ તોતેર (૭૩) સ્થાનિક સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા. | પ્રા. ડી. આર. પરીખ<br>૧૦૨, કંચન નિવાસ સોસાયટી,<br>સુલભ એપાર્ટમેન્ટ પાછળ,<br>તિથલ રોડ, વલસાડ. |
| | | લાયબ્રેરીમાં સ્વામી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મજયંતિ પ્રસંગે પુસ્તકો ખરીદવા માટે | ૧૦૦૦/- | કોલેજ લાયબ્રેરીમાં સ્વામી વિવેકાનંદજીના ૦૯ પુસ્તકો ખરીદવામાં આવ્યા. | |
| | | ટી.વાય.બી.કોમ. માં વાણિજય સંચાલનમાં સૌથી વધુ માર્કસ મેળવનાર | ૩૨૫/- | કુ. શિવાની આચાર્ય<br>૧૦૦ માંથી ૭૨ માર્કસ | |
| ૧૫. | **પ્રા. ટી. જી. પટેલ અર્થશાસ્ત્ર વિભાગના વડા, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ.** | યુનિવર્સિટીની પરીક્ષામાં કોલેજ કક્ષાએ એફ.વાય.બી.કોમ. થી એમ. કોમ. પરીક્ષામાં પ્રથમ નંબર મેળવનારને | ૫૦૦૦/-<br>૫૦૦૦/-<br>૫૦૦૦/-<br>૫૦૦૦/- | કુ. કલ્યાણી અશોકભાઈ - F.Y. B. Com.<br>કુ. ડિમ્પલ ભાનુશાલી - S.Y. B. Com.<br>કુ. સોનાલી પ્રજાપતિ - T.Y. B. Com.<br>શ્રી જય દેસાઈ -એમ. કોમ. IV | પ્રા. ટી. જી. પટેલ<br>૪૭, નંદનવન સોસાયટી,<br>અતુલ રોડ, અબ્રામા,<br>વલસાડ. |
| ૧૬. | **પ. પૂ. સંતશ્રી બુધ્ધદેવજી મહારાજની સ્મૃતિમાં એડવોકેટશ્રી પ્રવિણભાઈ દેસાઈ તરફથી** | Best Girl એવોર્ડ | ૧૩૫૦/- | કુ. શિવાની આચાર્ય - M. Com. Part 1 | એડવોકેટશ્રી<br>પ્રવિણભાઈ દેસાઈ<br>બી-રોડ, પાલીહીલ-૩,<br>તીથલ રોડ, વલસાડ. |
| | | Best Boy એવોર્ડ | ૧૩૫૦/- | શ્રી રમણ દાધવ - M. Com. Part 2 | |

| અ. નં. | મેડલ/પ્રાઈઝનું નામ | કઈ શૈક્ષણિક/સહ અભ્યાસ સિધ્ધિ માટે | રકમ (₹) | તેજસ્વી તારલાનું નામ | દાતાનું સરનામુ |
|---|---|---|---|---|---|
| ૧૭. | શ્રીમતી જ્યોતિબેન દેસાઈ તરફથી સ્વ. જગદીશભાઈના સ્મરણાર્થે. | યુનિવર્સિટીની એમ. કોમ. સેમેસ્ટર-૨ ની પરીક્ષામાં કોલેજ કક્ષાએ પ્રથમ આવનાર એક Boy એક Girl ને | ૫૦૧/-<br>૫૦૧/- | કુ. નિરાલી પાંચાલ ૭૩.૬૭ %<br>શ્રી અશરફ ખલીફા ૭૧.૬૭ % | શ્રીમતિ જ્યોતિબેન જે. દેસાઈ કમલા નહેરુ રોડ, મદનવાડ, વલસાડ. |
| ૧૮. | સ્ટુડન્ટસ એઈડ અને વેલ્ફેર ફંડમાંથી | આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સહાય | ૨,૧૮,૦૦૦/- | ૧૦૯ વિદ્યાર્થી ભાઈ-બહેનો દરેકને રૂા. ૨૦૦૦/- આર્થિક સહાય | સ્ટુડન્ટસ એઈડ અને વેલ્ફેર ફંડ કોમર્સ કોલેજ, વલસાડ. |
| ૧૯. | શ્રી વિજયભાઈ પટેલ | N.S.S. વાર્ષિક શિબિરમાં ચશ્મા શિબિર માટે | ૫૦૦૦/- | એકસો લાભાર્થીઓને લાભ મળ્યો. | શ્રી વિજયભાઈ પટેલ વિજય પ્લાસ્ટિક, તિથલ રોડ, વલસાડ. |
| ૨૦. | સ્વ. પૂનમ પટેલ મેમોરિયલ વક્તૃત્વ સ્પર્ધા કોલેજની સ્વ. વિદ્યાર્થીનીની સ્મૃતિમાં રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી તા. ૨-૮-૨૦૧૧ | સ્થાનિક કક્ષાએ મેમોરિયલ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને<br>Best Practice by the students વિદ્યાર્થીઓએ રજા નહીં લઈને શૈક્ષણિક કાર્ય ચાલુ રાખીને પોતાના સદ્‌ગત સહાધ્યાયીને સાચી શ્રધ્ધાંજલિ આપીને દાખલા રૂપે અને નવો ચીલો ચાતર્યો. ઉદાહરણ પૂરૂ પાડ્યું. | ૪૦૦/-<br>૩૦૦/-<br>૨૦૦/- | પ્રથમ-કુ. કલ્યાણી અશોકભાઈ - S.Y. B. Com.<br>દ્વિતિય-કુ. સોનાલી પ્રજાપતિ - S.Y. B. Com.<br>તૃતીય-શ્રી વિતાન વોરા - S.Y. B. Com. | શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા ફંડ એકત્ર કરવામાં આવ્યુ હતું. |
| ૨૧. | પ્રા. ડો. મીનાબેન શાહ પૂર્વ હેડ, ગુજરાતી વિભાગ | F. Y. B. Com. Sem. 1 to Sem. IV તથા T. Y. B. Com. માં ગુજરાતી વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનાર અને F. Y. B. Com. Sem.-1 to Sem. IV અને T. Y. B. Com. માં યુનિવર્સિટી પરીક્ષામાં કોલેજ કક્ષાએ પ્રથમ આવનારને. | <br>૧૦૧/-<br>૧૦૧/-<br>૧૦૧/-<br>૧૦૧/-<br>૧૦૧/-<br>૧૦૧/-<br><br>૨૫૧/-<br>૨૫૧/-<br>૨૫૧/-<br>૨૫૧/-<br>૨૫૧/- | ગુજરાતી વિષયમાં સૌથી વધુ માર્કસ<br>શ્રી રવિન્દ્ર જોષી F.Y.B.Com. Sem-I<br>કુ.કામીની પટેલ F.Y.B.Com. Sem-II<br>કુ. હેમાંગી રાઠોડ S.Y.B.Com. Sem-III<br>કુ. ફરીનાબાનુ શેખ S.Y.B.Com. Sem-III<br>કુ. હેમાંગી રાઠોડ S.Y.B.Com. Sem-IV<br>શ્રી રાજીવ વળવી T.Y.B.Com.<br>યુનિવર્સિટી પરીક્ષામાં કોલેજમાં ફર્સ્ટ<br>કુ. હેમાંશી કોઠારી F.Y.B.Com. Sem-I<br>કુ. કલ્યાણી અશોકભાઈ F.Y.B.Com. Sem-II<br>કુ. ઉન્નતિ શિરવાની S.Y.B.Com. Sem-III<br>કુ. હુમેરા શેખ S.Y.B.Com. Sem-IV<br>કુ. શિવાની આચાર્ય T.Y.B.Com. | પ્રા. ડૉ. મીનાબેન શાહ બી/૭૦૨, સનફલાવર એપાર્ટ., તિથલ રોડ, વલસાડ. |
| ૨૨. | પ્રા.ડો. દક્ષાબેન ઠાકોર અંગ્રેજી વિભાગ કોમર્સ કોલેજ, વલસાડ | યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં આશ્વાસન ઈનામ મેળવનાર તમામ વિદ્યાર્થીનીઓ માટે | ૧૨૮૦/- | ચિરાંગી, હેલી, સુનિતા, ભૂમિ, ચાંદની, જાગૃતિ, ફાલ્ગુની, પંકિતા, બિન્દી, કિન્નરી, પ્રિયાંશી, સંજના, રાશિ, શિવાની, પ્રુતિ, દક્ષા | પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોર ૧૦/બ, પંચદેવ સોસાયટી, ભાગડાવડા, વલસાડ. |
| ૨૩. | પ્રા. આઈ. એમ. ગાંધી રૂા. ૨૫,૦૦૦/- નું દાન તા. ૨૦-૫-૨૦૧૩ | ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીને સહાય | ૭૫૦/-<br>૭૫૦/- | ૧. કુ. પ્રિયંકા ગાંવિત -S.Y. B. Com.<br>૨. શ્રી હિતેશ સાબલે -T.Y.B.Com. | પ્રા. આઈ.એમ. ગાંધી ૧૧/એ, સહયોગ સોસયાટી, બાંગીયા ફળિયા, બીલીમોરા. |
| ૨૪. | સ્વ. શિવમ્ જાની મેમોરિયલ વક્તૃત્વ સ્પર્ધા સ્વ. વિદ્યાર્થીની સ્મૃતિમાં રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી તા. ૭-૨-૨૦૧૩ | સ્થાનિક કક્ષાએ વકતૃત્ત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને<br>Best Practice by the students વિદ્યાર્થીઓએ રજા નહીં લઈને શૈક્ષણિક કાર્ય ચાલુ રાખીને પોતાના સદ્‌ગત સહાધ્યાયીને સાચી શ્રધ્ધાંજલિ આપીને દાખલા રૂપે અને નવો ચીલો ચાતર્યો. ઉદાહરણ પૂરૂ પાડ્યું. | ૪૦૦/-<br>૩૦૦/-<br>૨૦૦/- | પ્રથમ કુ. કલ્યાણી અશોકભાઈ - S.Y. B.Com.<br>દ્વિતીય કુ. મયુરી મિસ્ત્રી - F. Y. B.Com.<br>તૃતીય શ્રી વિતાન વોરા - S. Y. B.Com. | શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ ના વિદ્યાર્થીઓ દ્વારા ફંડ એકત્ર કરવામાં આવ્યું હતું. |

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સ્પર્શતા નિયમો

**આપણી કોલેજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે કાયમી ધોરણે સંલગ્ન છે. જેથી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના નિયમોનું પણ કોલેજના નિયમોની સાથે સાથે પાલન કરવું ફરજીયાત રહેશે.**

## ૧. હાજરી અંગે

યુનિવર્સિટીના નિયમોનુસાર પ્રથમ સત્રના કામકાજના દિવસોના ૭૫ % અને બીજા સત્રમાં ૮૦% હાજરી સત્ર મંજૂર કરવા માટે હોવી જરૂરી છે. ટર્મ દીઠ નિયત હાજરી કરતાં ઓછી હાજરી હશે તો તેવા વિદ્યાર્થીઓની ટર્મ માન્ય રહેશે નહીં અને તેવા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શકશે નહીં.

## ૨. આંતરિક મૂલ્યાંકન અંગે

**(अ) સ્નાતક કક્ષાએ :**

આંતરિક મૂલ્યાંકન માં વિષય દીઠ ૨૦ માંથી ૮ માર્કસ મેળવવાના રહેશે. કુલ વિષયના ૫૦% કરતા વધારે વિષયોમાં જો વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકનમાં ૮ માર્કસ મેળવી શકશે નહીં તો તેનું યુનિવર્સિટી પરીક્ષાનું આવેદનપત્ર પાછું ખેંચી લેવામાં આવશે જેથી તે યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શકશે નહીં. વિદ્યાર્થીએ ૫૦% થી વધુ વિષયની આંતરિક કસોટી આપવાની ફરજીયાત રહેશે.

આંતરિક મૂલ્યાંકનના માર્કસ નીચે મુજબ રહેશે.

**(अ) સ્નાતક કક્ષાએ :**

| | | |
|---|---|---|
| (i) | કૉલેજની એક આંતરિક મૂલ્યાંકન કસોટી | ૧૦ માર્કસ |
| (ii) | હાજરી, નિયમિતતા, વિ. | ૦૫ માર્કસ |
| (iii) | લાયબ્રેરી વર્ક અને એસાઈનમેન્ટસ | ૦૫ માર્કસ |

**(ब) અનુસ્નાતક કક્ષાએ :**

એમ. કોમ. સેમેસ્ટર એક, બે, ત્રણ અને ચાર માટે આંતરિક મૂલ્યાંકનના ત્રીસ માર્કસ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| (i) | કૉલેજની એક આંતરિક મૂલ્યાંકન કસોટી | ૧૦ માર્કસ |
| (ii) | એસાઈનમેન્ટસ | ૦૫ માર્કસ |
| (iii) | હાજરીના | ૦૫ માર્કસ |

## ૩. યુનિવર્સિટીની પરીક્ષા

બધા જ વિષયોમાં યુનિવર્સિટી પરીક્ષાનું ભારણ ૫૦ માર્કસ રહેશે. યુનિવર્સિટી પરીક્ષામાં પાસ થવા માટે પ્રત્યેક વિષયમાં ૩૬ ટકા ગુણ લાવવાના રહેશે. કુલ ગુણાંક ૬૦ ટકા મેળવેથી તેમજ યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવેથી ફસ્ટ કલાસ, કુલ ગુણાંકના ૪૮ ટકા મેળવેથી તેમજ યુનિવર્સિટી પરીક્ષામાં બીજો વર્ગ મેળવેથી સેકન્ડ કલાસ મળી શકે છે.

જે વિદ્યાર્થીઓના અગાઉની યુનિવર્સિટીની પરીક્ષાના આવેદનપત્ર પાછા ખેંચાયા હોય અને સત્રો મંજૂર થયા ન હોય તેમણે નવેસરથી કોલેજમાં પ્રવેશ મેળવી ફરજીયાત રીતે સત્રો ભરી આંતરિક મૂલ્યાંકનમાં પાસ થઈ યુનિવર્સિટી પરીક્ષામાં બેસવાની પાત્રતા મેળવવી પડશે.

## ૪. એન.એસ.એસ./પી.ટી.

પ્રથમ અને બીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે બે માંથી એકમાં જોડાવાનું ફરજીયાત છે. એન. એસ. એસ.માં જોડાનાર વિદ્યાર્થીને વર્ષ દરમ્યાન ૧૨૦ કલાક કામગીરી કરવાની રહેશે. જ્યાં કેમ્પ ગોઠવાયો હોય તે કેમ્પના સ્થળે જ હાજર રહેવું પડશે. પી.ટી. માટે ૭૫ % હાજરી જરૂરી છે. જે વિદ્યાર્થીની હાજરી એન.એસ.એસ. કે પી.ટી.માં પર્યાપ્ત નહીં હશે એવા વિદ્યાર્થીઓનું પણ યુનિવર્સિટી પરીક્ષાનું આવેદનપત્ર પાછું ખેંચવામાં આવશે.

## ૫. એન.સી.સી.

આપણી કૉલેજમાં NCC નું એક યુનિટ ચાલે છે NCC માં જોડાનાર વિદ્યાર્થીઓ માટે લશ્કરમાં, નેવીમાં કે પોલીસ સેવામાં જોડાવામાં ઘણી તકો ઉપલબ્ધ થઈ શકે છે. સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યાબાદ અનુસ્નાતક અભ્યાસક્રમમાં એડમીશન મેળવવા માટે મેરીટમાં NCC કેડેટ કે જેણે 'B' સર્ટિફિકેટ અને 'C' સર્ટિફિકેટ હોલ્ડર્સ છે તેમને અનુક્રમે ૨ અને ૩ ટકા વધુ ગુણ ગણવામાં આવે છે.

## ૬. લાયબ્રેરી વર્ક

ગ્રંથાલય કાર્ય માટે પણ આંતરિક મૂલ્યાંકનમાં પાંચ માર્કસ ફાળવવામાં આવેલ છે. એસાઈનમેન્ટ વર્ક માટે લાયબ્રેરીનો ઉપયોગ કરવો. ગ્રંથાલયના ઉપયોગ માટે નિયમો નોટિસ બોર્ડ પર વખતોવખત મૂકવામાં આવે છે.

## ૭. એનરોલમેન્ટ ફોર્મ

ફક્ત એફ. વાય. બી. કોમ. સેમેસ્ટર એકના વિદ્યાર્થીઓએ એનરોલમેન્ટ ફોર્મ નિયત તારીખ સુધીમાં ભરી દેવા ત્યાર પછી ફોર્મ ભરનાર વિદ્યાર્થી પાસે યુનિવર્સિટી નિયમ મુજબ દરરોજનો રૂા. ૧ દંડ વસૂલ કરવામાં આવશે.

**કહેવાતા ભણેલાઓને સંસ્કારી બનાવવાના અભિયાનો**
**શરૂ થયા હોય એવું સાંભળ્યું નથી.**
**વર્તમાનમાં જરૂર છે...**
**ભણેલાઓ સંસ્કારી બને**
**કારણ કે આખી દુનિયાને**
**અસંસ્કારી ભણેલાઓએ જ આજે બાનમભમાં લીધી છે.**

# શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની ઝલક

વિદ્યાર્થીઓનો વિકાસ એકલા પુસ્તકીયા જ્ઞાનથી થઈ ન શકે. બાળકના સર્વાંગી વિકાસ માટે માત્ર ટકાવારી કે માર્કસને વળગી રહેવાથી ચાલે નહીં. વિદ્યાર્થીના વિકાસને તપાસવા માટે ''સર્વાંગી વિકાસ'' એ શિક્ષણનો માપદંડ હોવો જોઈએ. શિક્ષણની પ્રક્રિયા કૉલેજની ચાર દિવાલો વચ્ચે અપાતા શિક્ષણમાં પર્યાપ્ત થતી નથી. આ પ્રકારનું શિક્ષણ હરીફાઈના જમાનામાં અપર્યાપ્ત મનાવા લાગ્યું છે. માત્ર ભણતરમાં જ નહીં, ઇતર પ્રવૃત્તિમાં પણ વિદ્યાર્થી પાવરધો બને અને રાષ્ટ્રીય તથા વૈશ્વિક સ્તરે ઝળકે એ સમયની માંગ છે.

**૧. સહશૈક્ષણિક પ્રવૃત્તિ :**
વકતૃત્વ, નિબંધ, પાદ્પૂર્તિ, લોકવાર્તા, કાવ્ય લેખન, કાવ્ય પઠન, સ્પોકન ઇંગ્લીશના વર્ગો, અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ માટે વર્ગો, આંતર કોલેજ સ્પર્ધા, વિદ્વાન વકતાઓના વ્યાખ્યાનો વિગેરે

**૨. સાંસ્કૃતિક શિક્ષણેત્તર પ્રવૃત્તિ :**
રાસ, ગરબા, નાટક, સમૂહગીત, લોકગીત, લગ્નગીત, હળવુ કંઠય સંગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, લોકનૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, કથ્થક / ભરત નાટયમ, ભજન, લોકવાદ્ય, વાંસળી, હાર્મોનિયમ, ગિટાર, તબલા, મોનો એકટીંગ વિગેરે

**૩. સ્પોર્ટસ પ્રવૃત્તિ :**
ક્રિકેટ, વોલીબોલ, ઈન્ટર કલાસ ગેઈમ્સ, ટેબલ ટેનીસ, ચેસ, બેડમીન્ટન, ખોખો, કબડ્ડી વિગેરે.

**૪. એન. સી. સી :**
આપણી કૉલેજમાં આ પ્રવૃત્તિ સુપેરે ચાલી રહી છે. એન. સી. સી. ના કેડેટસ શિસ્ત માટે સમગ્ર દેશમાં નામના ધરાવે છે.

**૫. એન. એસ. એસ. :**
વર્ગખંડની ચાર દિવાલોને ઓગાળીને સમાજ વચ્ચે જઈને કામ કરવાની તક રાષ્ટ્રિય સેવા યોજના પૂરી પાડે છે.

**૬. યુથ રેડક્રોસ : ( Y.R.C.)**
યુથ રેડક્રોસની પ્રવૃત્તિ આ કોલેજમાં છેલ્લા નવ વર્ષથી સુપેરે ચાલે છે. આ યુનિટમાં એકસો વિદ્યાર્થીઓને ડીઝાસ્ટર મેનેજમેન્ટ તથા ફર્સ્ટ એઈડની ટ્રેનીંગ પણ આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રિય કક્ષાએ કાર્યરત 'રેડક્રોસ' ની યુથ વીંગની કામગીરી સુંદર રીતે ચાલે છે.

**૭. પ્લેસમેન્ટ :**
કંપનીઓ તથા સંસ્થાઓને પ્લેસમેન્ટ માટે આમંત્રણ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવે છે.

**૮. કાઉન્સેલીંગ :**
કારકિર્દી માર્ગદર્શન તથા U. P. S .C., G. P. S. C. તથા જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વ્યવસાયલક્ષી માર્ગદર્શન કેન્દ્ર દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવે છે. પ્રવેશ સમયે વિષયોનું માર્ગદર્શન આપવામાં આવે છે.

**૯. કલા :**
ચિત્રકામ, સર્જનાત્મક કામગીરી વગેરે

**૧૦. અભ્યાસેતર પ્રવૃત્તિઓ :**

- ''મને ગમતું પુસ્તક ''વાર્તાલાપ
- શાહ એન. એચ. શૈક્ષણિક વિચાર / ચર્ચા મંચ
- શાહ એન. એચ. ટાઈમ્સ ભીંતપત્ર (વિદ્યાર્થીઓની મૌલિક અભિવ્યકિત)
- વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ
- વેકેશનમાં ટૂંકા ગાળાના કોર્ષ
- શૈક્ષણિક પ્રવાસ
- નેચર કેમ્પ, ટ્રેકીંગ કેમ્પ
- રાષ્ટ્રિય પર્વની ઊજવણી
- મહત્વના ''દિન'' ની ઊજવણી
- વિદ્યાર્થીઓ માટે સેમીનારનું આયોજન
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિષયના તજજ્ઞોના વ્યાખ્યાન.

**કોલેજ એ બાગ છે.**
**અધ્યાપક એનો માળી છે.**
**વિદ્યાર્થીઓમાં રહેલી**
**સુષુપ્ત શક્તિ એ બીજ છે**
**પ્રોત્સાહન એ ખાતર છે**
**માર્ગદર્શન એમાં થતી ખેડ છે.**

વિદ્યાર્થીઓને આદર્શ નાગરિક બનાવવાની દ્રષ્ટિએ તેમના બૌધ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક અને શારીરિક વિકાસ તરફ દોરી જનાર અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ વિકસાવવા માટે, સમૂહભાવના વિકસે એવી પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા તેમજ આંતર રાષ્ટ્રીય ભાતૃત્વની લાગણીને પ્રોત્સાહન આપી સમાજ સેવા, સહકાર અને પરસ્પર આદરની પ્રવૃત્તિઓ પ્રોત્સાહિત કરી એમનામાં નેતૃતવના ગુણો વિકસાવવા માટે વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવે છે.

કોલેજમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી યુનિવર્સિટીના એ અંગેના બંધારણ પ્રમાણે કરવામાં આવે છે.

**બંધારણ પ્રમાણે :-**

૧. વર્ગ પ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરનાર વિદ્યાર્થીના આગલા વર્ષની કોઈપણ પરીક્ષામાં પેપર પાસ કરવાના બાકી ન હોવા જોઈએ કે A. T. K. T. હોવી જોઈએ નહીં.

૨. ઉમેદવારી કરનાર કે ચૂંટાયેલ વિદ્યાર્થીની હાજરી કોલેજમાં ૭૫% હોવી જોઈએ.

૩. ઉમેદવારની ઉંમર જે તે શૈક્ષણિક વર્ષની તા. ૧ લી જુલાઈ સુધી ગણતા સ્નાતક કક્ષાએ ૨૧ વર્ષ અને અનુસ્નાતક કક્ષાએ ૨૪ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

૪. ઉમેદવાર વિરૂધ્ધ ગેરવર્તણૂંક સંબંધે ગુનાહીત કાર્યવાહી અને સજા થયેલી હોવી જોઈએ નહીં તથા પરીક્ષાની ગેરરીતિમાં સજા થયેલી હોવી જોઈએ નહીં.

૫. વખતોવખત અમલમાં આવે કે ઘડવામાં આવે તે નિયમો વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૬. વિવેકપૂર્વક શિસ્તબધ્ધ વર્તન કરનાર અભ્યાસી વિદ્યાર્થીને જ સ્ટુડન્ટ કાઉન્સીલની ચૂંટણીમાં ઉમેદવારી કરવાને લાયક ગણવામાં આવશે.

૭. શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૦૬ થી વિદ્યાર્થીઓના નાણાંનો દુરુપયોગ થતો ટાળવા મ્યુઝિકલ પાર્ટી કે ડી. જે. જેવા કાર્યક્રમો હંમેશ માટે રદ કરવામાં આવ્યા છે. આ નાણાંનો સદઉપયોગ વિદ્યાર્થીની સુષુપ્ત શકિતને બહાર લાવવાના યોગ્ય કાર્યક્રમો પાછળ કરવામાં આવશે.

૮. ભારતીય સંસ્કૃતિની અવહેલના થતી હોય તેવા ડેઝ ઉજવવા દેવામાં આવશે નહીં.

૯. અભ્યાસના ભોગે વિવિધ ડેઝની ઊજવણી થઈ શકશે નહીં

૧૦. ચેરીટી ડે, લાયબ્રેરી ડે (રીડીંગ ડે) જેવા ગરિમાપૂર્ણ અને વિદ્યાર્થીને શ્રેષ્ઠ નાગરિક બનાવવાની દિશામાં દોરી જાય તેવા જ વધુમાં વધુ ત્રણ ડેઝની ઊજવણી કરી શકાશે.

૧૧. વર્ગ પ્રતિનિધિઓએ પોતાના વર્ગના વિદ્યાર્થીઓને અસરકારક નેતૃત્વ પુરૂં પાડી વિદ્યાર્થીઓને હકારાત્મક માર્ગે વાળવા કે જેથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં નુકસાન ન થાય.

૧૨. વિદ્યાર્થી કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ માટે સંબંધિત કમિટિના ચેરમેનોનાં સંપર્કમાં રહેવું.

૧૩. વિદ્યાર્થી સંઘના નેજા હેઠળ યોજાતા દરેક કાર્યક્રમોમાં વર્ગ પ્રતિનિધિઓએ પોતાના વર્ગના વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે પ્રોત્સાહન પૂરૂં પાડવું.

૧૪. નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ, જીમખાના સમિતિ, સાંસ્કૃતિ સમિતિ, સાહિત્યિક વાદ સમિતિ, શૈક્ષણિક પ્રવાસ સમિતિ, પ્લાનીંગ ફોરમ જેવી સમિતિઓના આશ્રયે વિદ્વાન અને અનુભવી અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ અનેક પ્રકારની સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકે છે.

૧૫. અસરકારક નેતૃત્વ પૂરૂં પાડનાર અને વર્ગ પ્રતિનિધિ તરીકે વિશિષ્ટ ઈમેજ ઉપસ્થિત કરનારને Best C. R. અને Best L. R. ના એવોર્ડથી નવાજવામાં આવશે.

## હે પરમાત્મા

**હે પરમકૃપાળુ પરમાત્મા**<br>
**સંજોગો વિકટ હોય ત્યારે**<br>
**સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ**<br>
**બધી બાબતો અવળી પડતી હોય ત્યારે**<br>
**શાંતિ કેમ રાખવી તે મને શીખવ**<br>
**કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે**<br>
**ખંતથીએમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ**<br>
**પ્રલોભનો, પ્રશંસા, ખુશામની વચ્ચે**<br>
**તટસ્થ કેમ રહેવું તે મને શીખવ**<br>
**ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે**<br>
**શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશની ગર્તામાં**<br>
**મન ડૂબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી**<br>
**તારી કૃપાની પ્રતિક્ષા કેમ કરવી તે મને શીખવ.**

## ડેઝની ઉજવણી

ભારતીય સંસ્કૃતિની પરંપરાની જાળવણી થાય તેવા જ ડેઝની ઉજવણી કૉલેજમાં થાય એ સમયની માંગ છે. પશ્ચિમી શૈલીના દિવસો કે જે આપણી સંસ્કૃતિને અનુરૂપ નથી તેવા ડેઝની ઉજવણી થવી જોઈએ નહીં વિકૃત સ્વરૂપના ડેઝની ઉજવણીથી કોલેજની અને વિદ્યાર્થીઓની પ્રતિષ્ઠા જોખમાય છે. કેટલાક સમજદાર અને શાણા યુવાનો સેવા ડે ઉજવીને હોસ્પિટલમાં જઈ ગરીબ દરદીઓને ફળફળાદિ આપવાના કે ભોજન કરાવવાના પ્રશંસનીય કાર્યો પણ કરી રહયા છે. વિદ્યાર્થીઓ નીચે પ્રમાણેના ડેઝની ઉજવણી કરીને પોતાનું અને કૉલેજનું ગૌરવ વધારી શકે છે. વધુમાં વધુ છ દિવસથી વધુ દિવસો ઉજવવા જોઈએ નહીં.

| | |
|---|---|
| કારકિર્દી ડે | પ્રતિબધ્ધતા ડે |
| ચેરીટી ડે | નિર્મલ કેમ્પસ ડે |
| રક્તદાન ડે | ટેલન્ટ ડે |
| માનવતા ડે | તમાકુ વિરોધી ડે |
| શ્રમ ડે | અંધજન હેલ્પ ડે |
| શહિદ ડે | બેક ટુ સ્કૂલ ડે |
| સ્વરાજ ડે | સાયકલ ડે |
| લાયબ્રેરી ડે | પર્યાવરણ ડે |
| સમાજસેવા ડે | એઈડ્સ અવેરનેસ ડે |
| નારી શક્તિ ડે | વૃધ્ધાશ્રમ ડે |
| ગુરૂપૂર્ણિમા ડે | વૃક્ષારોપણ ડે |
| રમતગમત ડે | શાયરી ડે |
| સ્વચ્છતા ડે | સાક્ષરતા ડે |
| સ્વયંશિક્ષણ ડે | ફાધર્સ/મધર્સ ડે |
| સમાજ સુધારક ડે | કલાસ ડેકોરેશન ડે |
| કોમર્સ ડે | |

### લાયબ્રેરી ડે :

વાંચનનો વ્યાપ વિસ્તરતો જાય તેમ તેમ આપણા માંહ્યલાનો ઘાટ ઘડવામાં, જીવન મૂલ્યોની ઓળખને વધુ સ્પષ્ટ કરવામાં, દુનિયાદારીને સમજવાની દૃષ્ટિ વિસ્તારવામાં, જીવનનાં રહસ્યોનો તાગ પામીને જીવતરને ધ્યેયલક્ષી બનાવવામાં વાંચનનું સેવન ગુણકારી નિવડે છે.

### બ્લડ ડોનેશન ડે :

નિયમિત અને સ્વૈચ્છિક રક્તદાન કરવાથી આત્માને અનન્ય આનંદની અનુભૂતિ થાય છે. કોઈ અજાણ્યાને મદદરૂપ થવાની આ નાની સરખી ઘટનાનું તમારા જીવનમાં સતત પુનરાવર્તન થાય તે સમાજની તાતી જરૂરીયાત છે. યુવાનીમાં રક્તદાન કરીને તમે માનવતાનો દિવડો પ્રગટાવી શકો છો. તમારી બર્થ ડે ના દિવસે રક્તદાન કરીને કોઈકને અમૂલ્ય જીવન બક્ષીને ઊજવો.

### શિક્ષક ડે :

શિક્ષકની ગરિમાને વર્ગખંડથી શરૂ કરીને વિશ્વમાં ગૌરવ પ્રસ્થાપિત કરનાર મહામાનવ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિન તરીકે ઉજવાય છે. જેને શિક્ષણ આપવું ગમતું હોય તેને જ શ્રેષ્ઠ શિક્ષક કહી શકાય. ઉત્તમ શિક્ષકનો કોઈ વિકલ્પ નથી.

### ચેરીટી ડે :

તમારી પાસે કંઈક છે, તો આપો. આપવાનો આનંદ જ કંઈક ઓર હોય છે. આપવાની મઝા માણવા જેવી હોય છે. ધનનો ફક્ત પોતાના માટેનો ઉપયોગ એ ફક્ત ધન છે. પરંતુ ધનનો જરૂરિયાતમંદ માટેનો ઉપયોગ એ લક્ષ્મી છે.

**ખાસ નોંધ**

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ના પરિપત્ર અનુસાર :-**

૧. ડેઝની ઉજવણી કોલેજોના શૈક્ષણિક કાર્યને અસર ન પહોંચે તે રીતે કરવાની રહેશે.

૨. ડેઝની ઉજવણી દરમ્યાન કોઈપણ પ્રકારનું સંગીત કે મ્યુઝીકલ પાર્ટીનો કાર્યક્રમ યોજી શકાશે નહીં

૩. ડેઝની ઉજવણી દરમ્યાન કોલેજનું વિદ્યાકીય ભાવાવરણ નષ્ટ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

૪. વર્ષ દરમ્યાન વધુમાં વધુ છ ડેઝની ઉજવણી કરી શકાશે.

૫. મેનેજમેન્ટના નિર્ણય અનુસાર કેમ્પસમાં D. J. ની પરવાનગી આપવામાં આવશે નહીં.

૬. ''ડીજે હવે બીજે'' - એટલે કે હવે આ કોલેજમાં ડીજે નહીં થાય.

❖❖❖

કોલેજની લાયબ્રેરી કોલેજના હૃદય સમાન છે કે જે વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા વહીવટી કર્મચારીઓમાં જ્ઞાનનું પ્રસારણ કરી સમગ્ર કોલેજને ધબકતી રાખે છે. સુસજ્જ અને સુસંચાલિત લાયબ્રેરી અદ્યતન શૈક્ષણિક માળખાના પાયાના પથ્થર સમાન છે. આપણી કોલેજ લાયબ્રેરી વિશાળ વૈવિધ્યપૂર્ણ વાચન સામગ્રી એકત્રિત કરે છે, અને વાચકોને પૂરી પાડે છે. અભ્યાસક્રમમાં સૂચવાયેલા પાઠય પુસ્તકો તથા તે અંગેનું સંદર્ભ સાહિત્ય, અગત્યના ઈતર વાચન માટેના પુસ્તકો તથા એ સંદર્ભના સામાયિકો પણ આપણી લાયબ્રેરીમાં મંગાવવામાં આવે છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાળ શર્માએ વિશ્વ પુસ્તક મેળા દ્વારા આયોજિત સેમિનારમાં યોગ્ય કહયું હતું કે "લાયબ્રેરી એ યુનિવર્સિટી કરતાં પણ વધુ મહત્વની છે કારણ કે લાયબ્રેરી યુનિવર્સિટી વગર કામ કરી શકે છે પરંતુ કોઈપણ યુનિવર્સિટી લાયબ્રેરી વગર ચાલી શકે નહીં." આ વાત કૉલેજ લાયબ્રેરી માટે પણ એટલી જ સાચી છે.

## આપણી કોલેજ લાયબ્રેરીમાં...

| | |
|---|---|
| એકાઉન્ટન્સી/ઈન્કમટેક્ષ વિષયના | ૧૦,૫૨૦ પુસ્તકો |
| અર્થશાસ્ત્ર વિષયના | ૮,૬૨૪ પુસ્તકો |
| કોમર્સ/બેન્કિંગ/વેપારી કાયદો વિષયના | ૧૦,૧૯૨ પુસ્તકો |
| આંકડાશાસ્ત્ર વિષયના | ૩,૬૯૦ પુસ્તકો |
| અંગ્રેજી વિષયના | ૫,૫૨૦ પુસ્તકો |
| ગુજરાતી વિષયના | ૫,૪૧૧ પુસ્તકો |
| એનવાયરમેન્ટ તથા જનરલ નોલેજના | ૩,૨૧૭ પુસ્તકો |
| | **કુલ ૪૭,૧૭૪ પુસ્તકો** |

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન રૂા.૬,૧૩,૬૬૭/- ના ૫૬૧૦ પુસ્તકો નવા ખરીદવામાં આવ્યા છે.

આપણી કૉલેજ લાયબ્રેરીમાં છસોએંસી થી પણ વધુ એજ્યુકેશનલ સીડી/ ડીવીડી ખરીદવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને ફ્રી પીરિયડમાં કોમ્પ્યુટર પર આ એજ્યુકેશનલ સીડીનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે.

આ ઉપરાંત કોલેજ લાયબ્રેરીમાં ૫૬ સામયિક મેગેઝીન, જર્નલ વિગેરે નિયમિત આવે છે. જે પૈકી ૧૯ અંગ્રેજી અને ૩૭ સામયિકો ગુજરાતીમાં આવે છે. તથા ૧૦ ગુજરાતી અખબાર અને ૦૩ અંગ્રેજી દૈનિક આવે છે.

વિદ્યાર્થી મિત્રો, તમારા વ્યક્તિત્વના વિકાસ માટે સારૂં વાચન અતિ જરૂરી છે. તમારા માનસમાં શુભ વિચારોનું સિંચન થાય એ માટેનો સારો માર્ગ સારૂં વાંચન છે. સારા વાંચનથી જ્ઞાનનો વિસ્તાર વધે છે. અહંકાર ઓગળી જાય છે. વાંચનથી વિચાર મળે છે. સારા વાંચનને લીધે જ નવા જ્ઞાનનો ખજાનો વાચક પર વરસતો રહે છે. સારૂં વાંચન મુશ્કેલીના સમયે ઉપયોગી બને છે. સારૂં વાંચન સારા વિચારો આપે છે. અને સારા વિચારથી વિદ્યાર્થી મિત્રો, તમે તમારી ઓળખ આપી શકો છો. સારા વિચાર માટેની સર્વશ્રેષ્ઠ સાધના સારૂં વાંચન છે.

ગુજરાત સરકારશ્રીના વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત વલસાડના નગરજનોની સહભાગીદારી પણ ઉત્સાહપ્રેરક રહી હતી. વલસાડ શહેરના ૩૮ શ્રેષ્ઠ પુસ્તક પ્રેમીઓ દ્વારા ૯૭૫ પુસ્તકો વાંચીને કોલેજની લાયબ્રેરીને ભેટ તરીકે આપ્યાં હતાં. જેની કિંમત અંદાજે રૂા. ૪૩,૪૭૫/- જેટલી થાય છે. આ કોલેજના વિદ્યાર્થીઓને ઈતર-વાચન તરફ વાળવા અને પ્રોત્સાહન પૂરૂં પાડવા માટે નગરજનોનો પણ સુંદર સાથ અને સહકાર સાંપડયા છે. જે આ કોલેજ માટે ગૌરવની વાત છે.

વલસાડ નગરના અને આજુબાજુના પુસ્તક પ્રેમીઓ તરફથી પણ અવરનવર આ કોલેજને પુસ્તકો ભેટ સ્વરૂપે મળતા રહે છે. ભેટ પુસ્તક આપનાર દાતાશ્રીઓનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. કારણ કે અમારા વિદ્યાર્થીઓની વાચનભૂખ જગાડવામાં તમો નિમિત્ત બનો છો. આ કોલેજ પરત્ત્વેની ભલી લાગણીની અમો કદર કરીએ છીએ.

❖❖❖

## મેગેઝીન/સામાયિકોનો સદ્ઉપયોગ

સામાયિક એ માહિતીનો અગત્યનો સ્રોત છે. સામયિકો આપણને અદ્યતનતા સાથે જોડી રાખે છે. ક્યારેક તો અભ્યાસક્રમ અને પાઠયપુસ્તક સંદર્ભે પુસ્તક જ્યાં માહિતી આપવામાં ઊણું ઉતરે છે ત્યાં સામયિક માહિતી આપે છે. આ રીતે સામયિકોનો શૈક્ષણિક ઉપયોગ શક્ય એટલો વધુ કરવામાં આવે તો આ સામયિકો આપણા ઉત્તમ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ બની શકે એમ છે. શૈક્ષણિક સામાયિકોમાં વિષયવસ્તુ સંદર્ભે ઉપયોગી અને દુર્લભ સંદર્ભ સાહિત્ય રજૂ થતું હોય છે. જે હાથવગુ ઉપયોગી સંદર્ભ સાહિત્ય બની શકે છે. વધુમાં શૈક્ષણિક સામયિકોમાં શૈક્ષણિક સંશોધનો અને ફળશ્રુતિ રજૂ થતી હોય છે કે જે ખૂબ ઉપયોગી નીવડે છે.

# યુનિવર્સિટી પરીક્ષા એપ્રિલ-૨૦૧૩ ના તેજસ્વી તારલાઓ

## F. Y. B. Com. : Sem. - II

### કોલેજમાં પ્રથમ આઠ વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ.કલ્યાણી અશોકભાઈ | 79.29 |
| ૨. | કુ. ઈશા પારેખ | 77.14 |
| ૩. | કુ. હેમાંશી કોઠારી | 76.14 |
| ૪. | શ્રી કિરણ વૈષ્ણવ | 75.29 |
| ૫. | કુ. સોનાલી પ્રજાપતિ | 75.14 |
| ૬. | કુ. ધારા પાનવાલા | 74.00 |
| ૭. | કુ. રાધિકા મોયેડ | 72.57 |
| ૮. | કુ. બીના ટંડેલ | 72.29 |

### વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

| નં. | વિષય | વિદ્યાર્થીનું નામ | માર્કસ ૧૦૦ માંથી |
|---|---|---|---|
| ૧. | Eng. | કુ. કલ્યાણી અશોકભાઈ | 79 |
| ૨. | E. S. | કુ. નિકિતા જૈન | 84 |
| ૩. | Eco. | શ્રી કિરણ વૈષ્ણવ | 78 |
| ૪. | A/C. | કુ. સોનાલી પ્રજાપતિ | 97 |
| ૫. | B. A. | શ્રી કિરણ વૈષ્ણવ | 81 |
| ૬. | Stat. | કુ. અંજલિ ભંડારી | 96 |
| ૭. | Ban. | કુ. કલ્યાણી અશોકભાઈ | 85 |
| ૮. | Guj. | કુ. કામિની પટેલ | 60 |

## S. Y. B. Com. : Sem. - IV

### કોલેજમાં પ્રથમ નવ વિદ્યાર્થીઓ

| નં. | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | કુ. હુમેરા શેખ | 76.14 |
| ૨. | કુ. ડીમ્પલ ભાનુશાલી | 74.29 |
| ૩. | કુ. ઉન્નતિ સિરવાની | 73.86 |
| ૪. | કુ. સુરૈયાબાનુ ફાતિવાલા | 73.41 |
| ૫. | કુ. નિમિષા સાનાવલે | 73.00 |
| ૬. | શ્રી રવિ ગોયેલ | 69.29 |
| ૭. | કુ. સુનિધિ કછવાહ | 69.14 |
| ૮. | કુ. વૈશાલી કનોજીઆ | 67.71 |
| ૯. | શ્રી સલમાન મન્સુર | 67.14 |

### વિષયવાર સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી

